જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૪/૨૦૧૬ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૪૧/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી ૨૬૬ લીટર દેશી દારૂ, ૨૫૩ બોટલ ઇગ્લીશ દારૂ અને ૨૪ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧૬,૨૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૪૨/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૬૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી.૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૬૪૩/૧૬**

**પાલડીઃ** પારૂલબહેન સંદિપભાઈ મેંઢી (રહે. કૃષ્ણનસાગર સોસાયટી જીવરાજપાર્ક વેજલપુર) એ તા.૬/૪/૧૬ નારોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨/૪/૧૬ કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આસમાની રાજેશરાવ પુરાવ (ઉ.વ.૧૭) (રહે. લખીપરા ચાપડગન સીલીગુડી નેપાળ) નેપાલડી ખાતે ધુમકેતુ માર્ગ પર અન્નપુર્ણા હોલની બાજુમાં વિકાસગૃહ નજીકથી અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ જી ગોહિલ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૬૪૪/૧૬**

**સાબરમતીઃ** જયેશભાઈ પ્રહલાદભાઈ પટેલ (રહે.માધવ રેસીડન્સી માધવ બસ સ્ટેન્ડ પાસે ચાંદલોડીયા) એ તા.૬/૪/૧૬ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૩/૧૬ સાંજના ૬/૦૦ થી તા.૨૯/૩/૧૬ કલાક ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન ન્યુ રાણીપ સાનિધ્ય ફ્લોરા સ્કીમન સી તેમજ ડી બ્લોક ખાતે લીફ્ટ માંથી કંટ્રોલ પેનલ વી-૩એફ ડ્રાઈવ કિમત રૂપિયા ૯૦,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે એમ છાસિયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**બિનવારસી ભુણ મળી આવ્યુ :-** **સમાચાર યાદી નં.૬૪૫/૧૬**

**વટવા** : તા.૬/૪/૧૬ સવારના ૯/૪૫ વાગ્યાના સુમારે વટવા નારોલ શક્તિનગરના નાકે પાણીની ટાંકી પાસેથી વટવા પોલીસને તાજુ જન્મેલ બાળકનું ભુણ ત્યજી દિધેલ મૃત હાલતમાં બિનવારસી મળી આવ્યુ છે. આ અંગે વટવા પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોંધી, આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.બી.ભટ્ટ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)